# પાટીદાર યુવતીના આપઘાત મામલે સરદારધામ અને ખોડલધામ ટ્રસ્ટ મેદાનમાં

**મુખ્યમંત્રીને** પત્ર લખી ઘટનામાં સંડોવાયેલા તત્ત્વોને સખત સજા કરવા માગ

સુરત : સુરતના કતારગામ વિસ્તારમાં રહેતી 19 વર્ષીય શિક્ષિકા નેનુ રજનીભાઈ વાવડીયાએ તાજેતરમાં આત્મહત્યા કરી લીધી હતી. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે, એક સગીર નેનુની વારંવાર છેડતી કરી, માનસિક ત્રાસ અને બ્લેકમેલ કરીને હેરાન કરતો હતો, જેના કારણે તેણે આ અંતિમ પગલું ભર્યું. આ ઘટનાને પગલે પાટીદાર સમાજમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સમાજના વિવિધ સંગઠનો અને આગેવાનો દ્વારા મુખ્યમંત્રીને પત્ર લખીને આ મામલે તાત્કાલિક અને સખત કાર્યવાહી કરવાની માગ કરવામાં આવી છે.

આજે કિરણ હોસ્પિટલનાં ચેરમેન મથુરભાઈ સવાણીની સાથે-સાથે ખોડલધામ અને સરદારધામ, સમસ્ત પાટીદાર સમાજના પ્રમુખ વાલજીભાઈ સેટા દ્વારા સમગ્ર પ્રકરણમાં મુખ્યમંત્રી સમક્ષ નિષ્પક્ષ તપાસની સાથે-સાથે સમાજમાં આ પ્રકારનાં નરાધમોમાં દાખલો બેસે તે માટે આરોપીઓ વિરૂદ્ધ સખ્ત કાર્યવાહીની રજુઆત કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, પાટીદાર યુવતીના આપઘાત મામલે કતારગામમાં બુધવારે વિશાળ કેન્ડલમાર્ચ પણ કાઢવામાં આવી હતી.

### સરદારધામનો પત્ર

અમદાવાદ સ્થિત સરદારધામના પ્રમુખ ગગજી સુતરિયા દ્વારા મુખ્યમંત્રીને લખેલા પત્રમાં જણાવાયું છે કે, રાજ્ય સરકાર મહિલાઓની સલામતી માટે ખૂબ જ ગંભીરતાથી કામ કરે છે, તેથી આ ઘટનામાં સંડોવાયેલા તત્વોને સખત સજાઓ થાય અને આવું કૃત્ય કરનાર લોકોમાં એક ભય ઊભો કરવો તે ખૂબ જરૂરી છે. આવા તત્વો દ્વારા અવારનવાર અનેક દીકરીઓ સાથે આ પ્રકારની ઘટનાઓ બનતી હોય છે, તેથી સરકારે સખત હાથે કાર્યવાહી કરવી જોઈએ.

### ખોડલધામ ટ્રસ્ટનો પત્ર

ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના માનદ મંત્રી જીતુ વસોયા દ્વારા પણ મુખ્યમંત્રીને પત્ર લખવામાં આવ્યો છે. તેમણે 13 જુલાઈના રોજ બનેલી આ ઘટનાનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે, આરોપી છેલ્લા ઘણા સમયથી મૃતક દીકરીને હેરાન પરેશાન કરતો હતો. જીતુભાઈ વસોયાએ માંગ કરી છે કે, આ ઘટનામાં સંડોવાયેલા શખ્સોને કડકમાં કડક સજા મળે, જેથી આવનારા દિવસોમાં આવું કૃત્ય કરનારાઓમાં ભય ઉભો થાય અને એક કડક કાર્યવાહીનો દાખલો બેસે.

# સગીર આરોપીને પુખ્ત વયનો ગણી કેસ ચલાવવા પોલીસની માંગ

**જુવેનાઇલ** જસ્ટિસ બોર્ડ સમક્ષ એક મહત્ત્વપૂર્ણ એફિડેવિટ રજૂ કરાઇ

સુરત:19 વર્ષીય શિક્ષિકાના આપઘાત કેસમાં સિંગણપોર પોલીસે જુવેનાઇલ જસ્ટિસ બોર્ડ સમક્ષ આરોપી સગીર હોવા છતાં પુખ્ત વયના આરોપી જેમ કોર્ટમાં કાર્યવાહી કરવા માટે એફિડેવિટ રજૂ કરી છે. આ એફિડેવિટમાં માંગ કરવામાં આવી છે કે આરોપી સગીર હોવા છતાં, તેના પર પુખ્ત વયના આરોપીની જેમ કોર્ટમાં કાર્યવાહી હાથ ધરવામાં આવે.પોલીસે બોર્ડને કરેલા રિપોર્ટમાં જણાવ્યું છે કે આ ગુનો અત્યંત ગંભીર પ્રકારનો છે અને આરોપીને 18 વર્ષ પૂરા થવામાં માત્ર આઠ દિવસ જ બાકી છે. આ સંજોગોને ધ્યાનમાં રાખીને, પોલીસે વિનંતી કરી છે કે આ કેસને 18 વર્ષની ઉંમરના આરોપીની જેમ ચલાવવામાં આવે.સિંગણપોર પોલીસ દ્વારા એવી પણ એફિડેવિટ કરવામાં આવી છે કે આ કેસ જુવેનાઈલ જસ્ટિસ બોર્ડની જગ્યાએ સામાન્ય કોર્ટમાં ચાલે.હવે જુવેનાઈલ જસ્ટિસ બોર્ડ આ સમગ્ર મામલે અંતિમ નિર્ણય લેશે. નિર્ણય લેતા પહેલા, જુવેનાઈલ બોર્ડ મનોચિકિત્સક ડોક્ટર અને ખુદ સગીર આરોપીનું નિવેદન લેશે અને તેમની વાત સાંભળશે, ત્યારબાદ જ આ અંગેનો નિર્ણય જાહેર કરશે.

### પોલીસમાં ચાલતા જાતિવાદથી કમિશનર ગેહલૌત નારાજ

પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત દ્વારા સ્પષ્ટ રીતે જણાવાયુ છે કે સુરત પોલીસ વિભાગમા ડીસ્ટાફમા કેટલાક તત્વો જાતિવાદ ચલાવી રહ્યા છે. આવા પોલીસ સ્ટેશનોમા અમરોલી, કતારગામ, સિંગણપોર, ઉઘના , પાંડેસરા , જેવા પોલીસ મથકો પર હવે આકરી કાર્યવાહીના એંધાણ મળ્યા છે. ચોક્કસ જાતિવાદ પર એક તરફી જો ડીસ્ટાફમા નિમૂણક જણાઇતો ડીસ્ટાફનુ વિસર્જન કરવા ચક્રો ગતિમાન કરાયા છે.

# મોટા વરાછાની બોસ્ટન ઇન્સ્ટિટ્યૂટે 40 વિદ્યાર્થી સાથે 52.27 લાખની ઠગાઇ કરી

**એથિકલ** હેકિંગ શીખવા ગયેલા વિદ્યાર્થીઓને તાલીમ પણનહીં આપી કે સર્ટિફિકેટ પણ નહીં આપ્યું

**ચાર** મહિનાનો કોર્સ અને બે મહિનાની ઇન્ટર્નશીપના નામે વિદ્યાર્થી દીઠ 1.40 લાખ પડાવ્યા

સુરતઃ મોટા વરાછા વિસ્તારમાં પનવેલ પોઈન્ટ નજીક એ.આર. મોલમાં આવેલી એક ખાનગી સંસ્થા દ્વારા સાઇબર સિક્યુરિટી અને એથિકલ હેકિંગ ક્ષેત્રમાં તાલીમ, નોકરી અને ઓન-જોબ ટ્રેનિંગના નામે મોટા પાયે લાખોની છેતરપિંડીનો ભાંડો ફૂટ્યો છે. બોસ્ટન ઇન્સ્ટીટ્યુટ ઓફ એનાલીટીક્સ ગ્લોબલ એજ્યુકેશન પ્રાઇવેટ લિમિટેડ નામની આ સંસ્થાએ ભ્રામક જાહેરાતો કરીને વિદ્યાર્થીઓને ૧૦૦ ટકા નોકરી, ઇન્ટર્નશીપ અને પ્રમાણપત્ર આપવામાં વચન આપ્યા હતા.તેના આધારે આશરે 40 જેટલા લોકો પાસેથી કુલ 52.27 લાખ પડાવી છેતરપિંડી કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે.પુણા ગામ સંતકૃપા સોસાયટીમાં રહેતા હિરસાગર કાનાભાઇ ચાંડેરાએ મોટા વરાછા પનવેલ પોઈન્ટ પાસે એ.આર.મોલમાં આવેલી મધુવન એડટેક અને દેવેશ એડટેક કંપનીઓ સામે ફરિયાદ નોંધાવી છે. તેમણે તેમની ફરિયાદમાં જણાવ્યું હતું કે મુંબઈની બોસ્ટન ઈન્સ્ટીટ્યુટ ઓફ એનાલીટીક્સ ગ્લોબલ એજ્યુકેશન પ્રાઇવેટ લિમિટેડની ફ્રેન્ચાઈઝી લઈ સાઈબર સિક્યુરિટી એથિકલ હેકિંગના કલાસ શરુ કર્યા હતા. આ કંપનીના ડિરેક્ટર અશ્વીન મલીક મેશ્રામ, સુફીઆ ખાન અને વિજય જગન્નાથ દોઈફોડે દ્વારા તેમને આ કોર્સ ચાર મહિનાનો અને 2 મહિનાની ઈન્ટર્નશીપ હોવાનું કહી કોર્સની ફી પેટે 1.40 લાખ લીધા હતા. ડિરેક્ટરોએ તેમને 100 ટકા નોકરી અપાવવાની સાથે તેમની કંપનીએ 350 થી વધુ કંપનીઓમાં તેઓનું ટાય-અપ હોવાની સાથે ઓનલાઈન ટ્રેનિંગ, ઈન્ટર્નશીપ તથા સર્ટિફિકેટ આપવાની વાત કરી હતી. બોસ્ટન ઈન્સ્ટીટ્યુટ ઓફ એનાલીટીક્સ ગ્લોબલ એજ્યુકેશન પ્રાઇવેટ લિમિટેડ કંપનીમાં તેમના ઉપરાંત અન્ય 39 જેટલા લોકોએ પણ અભ્યાસ કર્યો હતો. તેમની પાસેથી કુલ ફી પેટે 50,87,000મળી કુલ 40 વિદ્યાર્થીઓ પાસેથી કુલ રૂપિયા 52,27,000 જેટલી માતબર રકમ પડાવી લીધી હતી. આરોપીઓએ ચાર મહિનાના કલાસ કરાવ્યા બાદ એક પણ વિદ્યાર્થીને જાહેરાત મુજબ નોકરી, તાલીમ કે સર્ટિફિકેટ કશું જ આપવામાં ન આવ્યું હતું. બનાવ અંગે ઉત્રાણ પોલીસે હિરસાગર ચાંડેરાની ફરિયાદને આધારે બોસ્ટન ઈન્સ્ટીટ્યૂટના સંચાલકો સામે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### આટલો અસલામત છે સુરતનો બીઆરટીએસ રૂટ...



બીઆરટીએસને અન્ય શહેરોમાં સૌથી સલામત રૂટ ગણવામાં આવે છે. પરંતુ સુરતની વાત જ અલગ છે. અહીં તો હવે આ રૂટમાં ટ્રક પણ ઘૂસવા લાગી છે. **(તસવીર : સતીષ જાદવ)**

# સુરત એરપોર્ટ ગોલ્ડ સ્મગલિંગ કેસ, દુબઈના આરોપીની મુદ્દત વધારવાની અરજી પર આજે સુનાવણી

**નીચલી** કોર્ટના કાફેપાસા એક્ટ લાગુ કરવાના હુકમને હાઈકોર્ટમાં પડકારમાં આવ્યો છે

સુરતઃ બે વર્ષ પહેલાં સુરત એરપોર્ટ પર ઝડપાયેલા 27 કરોડના ગોલ્ડ સ્મગલિંગ કેસમાં દુબઈ ખાતે રહેતા આરોપી મહંમદ રીઝવાન ઐયુબભાઈ લિંબડાની આગોતરા જામીન બાદ હાજર થવાની મુદતમાં વધારો માંગતી ત્રીજી અરજી પર આજે સુનાવણી યોજાશે. આ કેસમાં નીચલી કોર્ટે આરોપીઓ સામે કાફેપાસા એક્ટ લાગુ કરવાનો હુકમ આપ્યો હતો, જેને ગુજરાત હાઈકોર્ટમાં પડકારવામાં આવ્યો છે.

કેસની વિગત એવી છે કે, જુલાઈ 7, 2023ના રોજ, DRIની ટીમે સુરત એરપોર્ટ પર વોચ ગોઠવીને ઉવેશ ઈમ્તિયાઝ શેખ, મોહંમદ શેખ મુસ્તાક અહેમદ આતશબાજીવાલા, યાશીર શેખ અને મારૂકાબાનુ યાસીર શેખ નામના ચાર શખ્સોની તપાસ કરી હતી. આ શખ્સો પાસેથી 45 કિલોગ્રામ સોનું જપ્ત કરવામાં આવ્યું હતું, જેની અંદાજિત કિંમત 27 કરોડ રૂપિયા હતી. તપાસ દરમિયાન મહંમદ રીઝવાન ઐયુબભાઈ લિંબડા (રહે., વ્હારવાડ ફળિયું, કોઢ ગામ, વાલીયા, જિ. ભરૂચ)નું નામ પણ આ કેસમાં સામે આવ્યું હતું.

મહંમદ રીઝવાને પોલીસની ધરપકડથી બચવા માટે વકીલ ઝફર બેલાવાલા મારફતે આગોતરા જામીન માટે અરજી કરી હતી, જે મંજૂર થઈ હતી. જામીનની શરતો અનુસાર તેને DRI સમક્ષ હાજર રહેવાનું હતું. જોકે, હાજર થવાના સમયે રીઝવાને બે વખત મુદતમાં વધારો માંગ્યો, જે કોર્ટે મંજૂર કર્યો હતો. કોર્ટે તેને 17 જુલાઈના રોજ હાજર રહેવા આદેશ આપ્યો હતો, પરંતુ આરોપીએ તબિયત નાદુરસ્ત હોવાનું કારણ આગળ ધરીને એક મહિનાની વધુ મુદત માગી છે. આ અરજી પર આજે સુનાવણી થશે.આ કેસમાં DRI દ્વારા તમામ આરોપીઓ સામે કાફેપાસા એક્ટ લાગુ કરવાની અરજી કરવામાં આવી હતી, જે નીચલી કોર્ટે મંજૂર કરી હતી. આ હુકમને મહંમદ રીઝવાને વકીલ કલ્પેશ દેસાઈ અને ઝફર બેલાવાલા મારફતે ગુજરાત હાઈકોર્ટમાં પડકાર્યો છે. હાઈકોર્ટે DRIને નોટિસ ફટકારી, 30 જુલાઈ સુધીમાં એફિડેવિટ સાથે જવાબ રજૂ કરવા આદેશ આપ્યો છે.

### કેફેપોસા એક્ટના હુકમ સામેની અપીલની સુનાવણી 30મી જુલાઈએ થશે

આ કેસમાં આજે યોજાનારી સુનાવણીમાં મહંમદ રીઝવાનની મુદ્દત વધારવાની અરજી પર નિર્ણય લેવાશે, જ્યારે હાઈકોર્ટમાં કાફેપાસા એક્ટને લગતી અપીલ પર 30 જુલાઈએ વધુ સુનાવણી થશે.

# પુણ્ય કમાવવા પિતા અમરનાથની યાત્રાએ ગયા અને પુત્રએ ઘરમાં જ ચોરીનું પાપ કર્યું

**અશ્વિનીકુમારના** કપૂતે ઘરના પિતળ અને કાસાનાં વાસણ પર ચોરીને વેચી દીધાં

સુરતઃ વરાછા વિસ્તારમાં એક ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે જેમાં એક યુવકે પૈસાની જરૂરિયાતને કારણે પોતાના જ પિતાના મકાનમાં ચોરી કરી હતી. અશ્વનીકુમાર રોડ પર ઉપર રહેતા ટ્રાન્સપોર્ટર પિતા પુત્રી અને જમાઈ સાથે અમરનાથ યાત્રા પર ગયા હતા ત્યારે તેમના પુત્રએ મકાનમાંથી ત્રણ સોનાની ડાયમંડ વિંટી, રોકડ રકમ, તેમજ ચાંદી, પીતળ અને કાચના વાસણ મળીને અંદાજે રૂ. 92,000ની મત્તાની ચોરી કરી હતી. જેથી પોલીસે ચોરીનો ગુનો દાખલ કરી આરોપી પુત્રની ધરપકડ કરી.વરાછા અશ્વિનીકુમાર રોડ આવેલા ભરવાડ મહોલ્લાના વૃંદાવન એપાર્ટમેંટમાં રહેતા 51 વર્ષીય ભરતભાઈ વલ્લભાઈ પટેલ શિવશક્તિ કાર્ટિંગના નામે ટ્રાસપોર્ટનો વ્યવસાય કરે છે. તેમનાં પત્ની હંસાબેન 15 વર્ષથી અલગ રહે છે. તેમના સંતાનમાં 29 વર્ષીય દીકરી કોમલ અને 25 વર્ષીય પુત્ર કેવીન છે. ગત તા.03 જુલાઈ 2025ના રોજ ભરતભાઈ પુત્રી કોમલ અને જમાઈ અક્ષય સાથે અમરનાથ યાત્રાએ ગયા હતાં. તે સમયે ઘરમાં પુત્ર કેવિન એકલો હતો. દરમિયાન તેને પૈસાની જરૂરિયાત ઉભી થતા ઘર માથી રોકડા રૂપીયા 12,000 હજાર તેમજ ત્રણ સોનાની ડાયમંડવાળી વિંટી જેનો વજન આશરે 15 ગ્રામ જેની કિંમત આશરે 45,000 તથા ચાંદીના તથા પીતળના તેમજ કાસાના વાસણો જેની કિંમત આશરે 35,000 હજાર મળી તમામ ચીજ વસ્તુની કુલે કિંમત રૂપીયા 92,000 હજાર મતાની ચોરી લીધા હતા.બનાવ અંગે ભરતભાઈની ફરિયાદના આધારે વરાછા પોલીસે તેમના પુત્ર કેવિન સામે ચોરીનો ગુનો દાખલ કરી તેની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# વરસાદ આરામના મૂડમાં, ગરમી એક્શનમાં, તાપમાન 33 ડિગ્રીને પાર



**સુરતમાં** મહત્તમ તાપમાન અડધો ડિગ્રી અને લઘુત્તમ તાપમાન આંશિક વધ્યું, એક-બે તાલુકામાં વરસાદી ઝાપટાં

સુરતઃ શહેરમાં છેલ્લા અઠવાડિયાથી વરસાદના વિરામ બાદ તાપમાનમાં ધીમે ધીમે કરતો વધારો થયો છે. આજે ફરી મહત્તમ તાપમાન અડધો ડિગ્રી વધીને 33 ડિગ્રીને પાર પહોંચ્યું હતું. જ્યારે જિલ્લાના એક બે તાલુકામાં વરસાદી ઝાપટા પડ્યા હતા. હવામાન વિભાગના જણાવ્યા મુજબ સુરતમાં આજે તાપમાનમાં થોડો વધારો નોંધાયો છે. મહત્તમ તાપમાન ગઈકાલના 32.6 ડિગ્રીની સામે આજે 33.3 ડિગ્રી પર પહોંચ્યું છે. જ્યારે લઘુત્તમ તાપમાન પણ 0.3 ડિગ્રી વધારા સાથે 27.1 ડિગ્રી નોંધાયું છે. શહેરમાં આજે હવામાં ભેજનું પ્રમાણ ઘટીને 73 ટકા નોંધાયું હતું. આજે પવન દક્ષિણ પશ્ચિમ (SW) દિશામાં છે, પરંતુ ઝડપ યથાવત 6 કિમી પ્રતિ કલાક જ છે. પવનની દિશામાં આ નાનો ફેરફાર પણ હવામાનની સ્થિતિમાં થતી નાની નાની હલચાલને દર્શાવે છે. હવામાન વિભાગ મુજબ હાલના દબાણ અને પવનની દિશા મુજબ તાત્કાલિક વરસાદની શક્યતા ઓછી જણાય છે, પરંતુ વાતાવરણમાં રહેલી ભેજ અને પવનનું દક્ષિણ તરફથી આવવું આગામી દિવસોમાં ઓરિસ્સા તરફથી ઉદભવતી નવી સિસ્ટમ સાથે મળીને દક્ષિણ ગુજરાતમાં વરસાદ લાવી શકે છે.

# મજૂરા ગેટ આઈસીસી ટાવરની યાર્ન પેઢી સાથે રૂપિયા 15.55 લાખની ઠગાઈ

**ઉધારીમાં** લાખો રૂપિયાનો માલ ખરીદી પૈસા નહીં ચૂકવનારા ત્રણ ઠગબાજો સામે ગુનો દાખલ



સુરતઃ મજુરા ગેટ કડીવાલા સ્કુલની નજીક આવેલી આઈ.સી.સી.ટાવરમાં કાર્યરત એક યાર્નની પેઢી પાસેથી ત્રણ ઠગબાજોએ ઉધારીમાં રૂપિયા 15.55 લાખનો માલ ખરીદી કરી પૈસા નહીં ચૂકવી છેતરપિંડી કરી હતી.

શહેરના કતારગામ કહાન ફળિયામાં રહેતા અને મજુરા ગેટ કડીવાલા સ્કુલની નજીક આવેલી આઈ.સી.સી.ટાવરમાં કાર્યરત નટવરલાલ ડાહયાભાઈ રૂવાલા નામની યાર્ન પેઢીમાં છેલ્લા 15 વર્ષથી મેનેજર તરીકે નોકરી કરતા સંજયભાઈ દલપતભાઈ પટેલે અઠવાલાઈન્સ પોલીસ સ્ટેશનમાં અડાજણ પાટિયા પાસે આવેલી મોરારનગર સોસાયટીમાં રહેતા દલાલ ડેનીશભાઈ કીશોરચંદ્ર ભગત, મોટા વરાછા એંજલ બીઝનેશ સેન્ટર પાસે આવેલી પંચદેવ રેસિડેન્સીમાં રહેતા અને સારોલી ગામ ખાતે આવેલી શુભમ ઈન્ડસ્ટ્રીયલ સોસાયટીમાં અમર ક્રીએશનના નામે વેપાર કરતા અજીતભાઈ કાછડીયા તથા લસકાણા ખાતે આવેલી શીવ ઈન્ડસ્ટ્રીયલ સોસાયટીમાં અમરટેક્ષના નામે વેપાર કરતા પ્રાગજીભાઈ સામે ગુનો નોંધાવ્યો હતો. જેમાં સંજયભાઈ પટેલે જણાવ્યું હતું કે ઉપરોક્ત ત્રણેય ઠગબાજોએ એકબીજાના મેળાપીપણામા અમારો વિશ્વાસ ભરોસો કેળવી તેમની પેઢી પાસેથી રૂ.15,55,031ની મત્તાનો યાર્નનો માલ ખરીદ્યો હતો.

જોકે પેમેન્ટ સમયસર ચૂકવી દેવાનો વિશ્વાસ અને ભરોસો આપવા છતાં ત્રણેયએ પેમેન્ટ બાબતે ખોટા ખોટા વાયદા કરી પેમેન્ટ ન ચુકવી છેતરપિંડીકરી હતી.

બનાવ અંગે અઠવાલાઈન્સ પોલીસે યાર્ન પેઢીના મેનેજર સંજયભાઈ પટેલની ફરિયાદના આધારે ત્રણ ઠગબાજો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# 'ગુજરાતમિત્ર'નાં સહયોગથી ચેનલ સુરત આયોજિત અલુણા મહોત્સવમાં ત્રીજા દિવસે સિંગિંગ સ્પર્ધા યોજાઇ



**સ્પર્ધામાં** શહેરની વિવિધ શાળાના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો, વિજેતાઓને ઈનામો અપાયાં

સુરતઃ 'ગુજરાતમિત્ર'તેમજ ચેનલ સુરત દ્વારા આયોજીત અલુણા મહોત્સવ ભારે સફળતાપૂર્વક ચાલી રહ્યો છે. આ અલુણા મહોત્સવમાં આજેત્રીજા દિવસે સિંગિંગ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં શહેરના જુદી-જુદી શાળાના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. દરેક વિદ્યાર્થીઓએ પોતાના અંદાજમાં અલગ અલગ ગીતો રજૂ કર્યા હતા.

આજના કાર્યક્રમમાં નિર્ણાયક તરીકે મયુર મુલતાની, દિલીપભાઈ પકોડીવાલા, તેજલ શુક્લા, નીતા ઉપાધ્યાય વિગેરે મહાનુભાવોએ હાજરી આપી હતી અને વિદ્યાર્થીઓને ઈનામો પણ આપવામાં આવ્યા હતા.

### લસકાણાની તરુણીનું તાવમાં સપડાયા બાદ મોત

સુરતઃ લસકાણા ગામમાં રહેતી શ્રમજીવી પરિવારની તરુણીનું તાવની બીમારીમાં સંપડાતા મોત થયું હતું.મૂળ ઓરિસ્સા ગંજામના વતની અને હાલ લસકાણા ગામમાં આવેલ પાવર હાઉસની સામે એક મકાનમાં રહેતા ભાસ્કરભાઇ સ્વાઈન સંચાખાતામાં કામ કરી પરિવારનું ભરણપોષણ કરે છે. ભાસ્કરભાઈના બે સંતાનો પૈકી 17 વર્ષીય પુત્રી કૃષ્ણાને છેલ્લા બે દિવસથી તાવ આવતો હતો. જેથી કૃષ્ણાની ઘર નજીક આવેલ ખાનગી ક્લિનિક પર દવા ચાલતી હતી. દરમિયાન બુધવારે સવારે કૃષ્ણાની વધુ તબિયત લથડતા તે બેભાન થઈ ગઈ હતી. જેથી તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. જ્યાં કૃષ્ણાનું ટૂંકી સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું.

### સાડા સાત લાખના ચેક રિટર્ન કેસમાં કોચિંગ ક્લાસના સંચાલકને શંકાનો લાભ મળ્યો

સુરતઃ સાડા સાત લાખના ચેક રિટર્ન કેસમાં કોચિંગ ક્લાસના સંચાલકને કોર્ટે શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કર્યો હતો. મજૂરાગેટ સ્થિત મહાદેવનગરમાં રહેતા આરોપી ઋષભ શ્રીયાંસ જૈન અને ધોબી મસ્જિદની સામે રહેતા નાવેદ અંજુમ મોહંમદ ફારુક સુરતી વચ્ચે 10 વર્ષથી મિત્રતા છે. આરોપીએ કોચિંગ ક્લાસ શરૂ કરવા માટે નાવેદ પાસેથી ટુકડા-ટુકડા 10.26 લાખ રૂપિયા ઉછીના લીધા હતા. ત્યારબાદ ફરિયાદીએ આરોપીની ઓફિસમાંથી તેની જાણ બહાર 7.50 લાખ રૂપિયાનો ચેક લઈને ખોટી સહી કરી ચેક બેન્કમાં નાખ્યો હતો. જે રિટર્ન થયો હતો. આ કેસ કોર્ટમાં ચાલી જતા ફરિયાદી ફરિયાદ પુરવાર કરવામાં નિષ્ફળ રહ્યા હતા. જેથી કોર્ટે આરોપી ઋષભ શ્રીયાંસ જૈનને શંકાનો લાભ આપીને છોડી મૂકવાનો હુકમ કર્યો હતો. આ કેસમાં આરોપી તરફે એડવોકેટ દીપક બી. બાપના હાજર રહ્યા હતા.

**ટેક્સટાઈલ ટ્રેડ** ચેમ્બર દ્વારા 18થી 20 જુલાઈએ વિવનીટ એક્ઝિબિશન યોજાશે

# એક્ઝિબિટર્સને 500 કરોડના વ્યાપારની આશા

**દ.ગુજરાતના** વિવર્સ, નીટર્સ, ટેકનિકલ ટેક્સટાઇલ્સ અને ફેબ્રિક મેન્યુફેક્ચરર્સને બીટુબી પ્લેટફોર્મ મળશે: નિખિલ મદ્રાસી



સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટર દ્વારા તા.૧૮થી ૨૦ જુલાઈ ૨૦૨૫ દરમિયાન સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એક્ઝિબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે ' વિવનીટ એક્ઝિબિશ-૨૦૨૫'નું આયોજન કરવામાં આવ્યું છે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, ચેમ્બર દ્વારા 'વિવનીટ એક્ઝિબિશન' થકી યાર્નમાંથી કાપડ બનાવતા સુરત સહિત દક્ષિણ ગુજરાતના વિવર્સ, નીટર્સ, ટેકનિકલ ટેક્સઈલ્સ અને ફેબ્રિક મેન્યુફેકચરર્સને બીટુબી પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવે છે. આ એક્ઝિબિશનને મળેલી સફળતાને પગલે આ વર્ષે વિવનીટ એક્ઝિબિશનનું ચોથું એડિશન યોજાઇ રહ્યું છે. વિવનીટ એક્ઝિબિશનમાં હોસ્પિટલ કર્ટેન્સ (વોટર રિપેલન્ટ, એન્ટિ માઈક્રોબાયલ અને ફાયર રિટારડન્ટ)નું પ્રદર્શન કરવામાં આવશે. સુરતમાં ખૂબ જ ઓછા પ્રમાણમાં અને ઓછા મેન્યુફેકચરર્સ દ્વારા આ પ્રોડકટ બનાવવામાં આવે છે. આ ઉપરાંત શાવર કર્ટેન્સ, ડ્રેપરીઝ બ્લેક-આઉટ અને વ્હાઈટ-આઉટ ફેબ્રિક, માઈક્રો ફાઈબર પોલિએસ્ટર ફેબ્રિક, માઈક્રો ફાઈબર બેડશીટ્સ, કમ્ફર્ટર ફેબ્રિક, માઈક્રો ફાઈબર ડ્યુવેટ ફેબ્રિક, માઈક્રો ફાઈબર ડ્યુવેટ્સ અને ડ્યુવેટ કવર્સ, પીલો કવર્સ, માઈક્રો ફાઈબર બેડસ્પ્રેડ, પ્લેટેડ માઈક્રો ફાઈબર બેડસ્કર્ટ્સ, ડિજીટલ પ્રિન્ટેડ બ્લેક આઉટ ફેબ્રિક અને અલ્ટ્રાસોનિક બ્લેકઆઉટ ફેબ્રિકનું પ્રદર્શન કરવામાં આવશે. આ બધી પ્રોડકટ સુરતમાં ઈન્ટિગ્રેટેડ અથવા કમ્પોઝિટ યુનિટ એટલે કે વિવિંગ, નીટિંગ અને સ્ટિચિંગની સુવિધા ધરાવનારા ઉદ્યોગકારો દ્વારા બનાવવામાં આવે છે.

### વિશાળ એરિયામાં એક્સ્પો યોજાશે, મોટા બ્રોકર્સ પણ ભાગ લેશે

ચેમ્બરના ઉપપ્રમુખ અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, આ વર્ષે ગત વર્ષની તુલનામાં વિશાળ એરિયામાં એક્ઝિબિશન યોજાઇ રહ્યું છે ત્યારે એક્ઝિબિટર્સને આશરે રૂપિયા 500 કરોડથી વધુનો બિઝનેસ મળશે એવી આશા સેવાઇ રહી છે. તેમણે વધુમાં કહ્યું કે, ટેક્સટાઇલ મેન્યુફેકચરર્સ અને કપડાનાં વેપારીઓ વચ્ચે મહત્વની કડી સાબિત થતાં મોટા ગજાના બ્રોકર્સ પણ આ પ્રદર્શનમાં હાજર રહેવાના છે, આથી આ બ્રોકર્સને નવી વેરાયટીઓ અને ક્વોલિટીઓ આપવામાં આ એક્ઝિબિશન મહત્વનું પ્લેટફોર્મ પૂરૂ પાડશે.

# 'કોઈ ખંડણી માંગે તો પોલીસને જાણ કરજો': પોલીસે વેપારીઓને હિંમત આપી

**પાંડેસરામાં** ઉદ્યોગકારો સાથે પોલીસ કમિશનરની બેઠક યોજાઇ

સુરતઃ પોલીસ કમિશનર અનુપમસિંહ ગહેલોતે ગુરુવારે પાંડેસરા વિસ્તારના ઉદ્યોગકારો સાથે એક મહત્ત્વપૂર્ણ બેઠક યોજી હતી. આ બેઠકમાં વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ, ઉદ્યોગકારોને પડતી મુશ્કેલીઓ અને તેના નિરાકરણ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ખાસ ઉદ્યોગકારોને જણાવવામાં આવ્યું છે કે, કોઈ ખંડણી માંગે તો પોલીસને જાણ કરવામાં આવે.

ગુરુવારે પાંડેસરા સીટીપી પ્લાન્ટ ખાતે પોલીસ કમિશનરની અધ્યક્ષતામાં ઉદ્યોગકારો સાથે એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં મુખ્યત્વે RTI (રિંગ રોડ ટ્રસ્ટ ઈન્ડસ્ટ્રિયલ) અને વિસ્તારમાં સીસીટીવી કેમેરા લગાવવા અંગે મહત્ત્વપૂર્ણ ચર્ચા કરવામાં આવી હતી. કમિશનર ગહેલોતે ઉદ્યોગકારોને સુરક્ષા માટે સીસીટીવીનું મહત્ત્વ સમજાવ્યું હતું અને તેને ઝડપથી અમલમાં મૂકવા માટે સહયોગની અપીલ કરી હતી. આનાથી ગુનાખોરી નિયંત્રિત કરવામાં અને ગુનેગારોને ઓળખવામાં મદદ મળશે. પાંડેસરા વિસ્તારને 'મિની ભારત' તરીકે ઓળખવામાં આવે છે, જ્યાં દેશનાં વિવિધ રાજ્યોમાંથી લોકો રોજગાર માટે આવે છે.

આ વિસ્તારમાં લોકોમાં કાયદો અને વ્યવસ્થા, સામાજિક જવાબદારી અને નાર્કોટિક્સ જેવાં દૂષણોથી દૂર રહેવા અંગે જાગૃતિ લાવવાના પ્રયાસો પર ભાર મૂકવામાં આવ્યો હતો. પોલીસ કમિશનરે જણાવ્યું હતું કે, લોકોમાં અવેરનેસ રહે એ માટે જાગૃતિ અભિયાન ચલાવવામાં આવશે.આ બેઠકમાં નાર્કોટિક્સના દૂષણથી દૂર રહેવા માટે ઉદ્યોગકારો અને તેમના કામદારોને સૂચના આપવામાં આવી હતી. પોલીસે આ અંગે જાગૃતિ લાવવા અને આવા કિસ્સામાં તાત્કાલિક જાણ કરવા જણાવ્યું હતું. ઉપરાંત વ્યાજખોરો સામે ચાલી રહેલી ડ્રાઈવ અંગે પણ ઉદ્યોગકારોને માહિતગાર કરવામાં આવ્યા હતા અને આવાં તત્ત્વોથી સાવધ રહેવા અને જો કોઈ વ્યાજખોર હેરાન કરે તો પોલીસને જાણ કરવા માટે સૂચના આપવામાં આવી હતી. પોલીસ કમિશનર ગહેલોતે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, જો કોઈ એક્સટોર્શન માંગે તો તાત્કાલિક પોલીસને જાણ કરવી. આવાં તત્ત્વો સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. ઉદ્યોગોના સુચારુ સંચાલન અને સુરક્ષા માટે પોલીસ અને ઉદ્યોગકારો વચ્ચે ગાઢ સંકલન અત્યંત જરૂરી છે. તેમણે ઉદ્યોગકારોને કોઈપણ સમસ્યા કે માહિતી હોય તો પોલીસનો સંપર્ક કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.